અપીલ અરજી નં.૧૭૯ તા.૫–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતકુમાર શાંતિલાલ કાપડીયા

સામાવાળાઃ–એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતકુમાર શાંતિલાલ કાપડીયાની તા.૨૩–૬–૧૦ની અરજીથી ૨/૪૪, રૂસ્તમપુરા મેઈન રોડ ઉપર આવેલ શેઠના એપાર્ટમેન્ટને બી.યુ.સી. પરવાનગી વગર હોવા છતાં વસવાટ કરે છે. જેમાં કેટલા ફલેટને સીલ માર્યા એ જણાવશો અને બાકીના ફલેટને શા માટે સીલ ન માર્યા તે જણાવશો. વિ. ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૭૯/૨૦૧૦–૧૧

શ્રી ભરતકુમાર શાંતિલાલ કાપડીયાની તા.૨૩–૬–૧૦ નીઅરજીથી ૨/૪૪, રૂસ્તમપુરા મેઈન રોડ ઉપર આવેલ શેઠના એપાર્ટમેન્ટને બી.યુ.સી. પરવાનગી વગર હોવા છતાં વસવાટ કરે છે. જેમાં કેટલા ફલેટને સીલ માર્યા એ જણાવશો અને બાકીના ફલેટને શા માટે સીલ ન માર્યા તે જણાવશો. વિ. ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં./૫૭૧ તા.૨૬–૭–૧૦ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૬–૮–૧૦ ના રોજ અપીલમાં ફરીયાદ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૭ તા.૧૨–૮–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ માહિતી અંગે છે કે તકરાર નિવારણ અંગે? તે અંગે સ્પષ્ટતા કરવા તથા માહિતી અંગે હોય તો મુળ અરજી પૈકી કઈ માહિતી મળેલ નથી તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સ.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૬૦ તા.૪–૯–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ અને અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૭૧ તા.૨૬–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારના તા.૧૦–૮–૦૪ ના એગ્રીમેન્ટની નકલ, તા.૩૧–૭–૦૯ ના રોજ અરજદારે કરેલ ફરીયાદની નકલ, તા.૧૪–૪–૦૯ ના રોજ રે.દિ.મુ. નં.૪૯૫/૦૮ અને ૪૯૭/૦૮ પરત ખેંચ્યાની નકલ, અત્રેના વિભાગને મળેલ છે જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૬–૧૦ ની અરજીથી ૨/૪૪, રૂસ્તમપુરા મેઈન રોડ ઉપર આવેલ શેઠના એપાર્ટમેન્ટને બી.યુ.સી. પરવાનગી વગર હોવા છતાં વસવાટ કરે છે. જેમાં કેટલા ફલેટને સીલ માર્યા એ જણાવશો અને બાકીના ફલેટને શા માટે સીલ ન માર્યા તે જણાવશો. વધુમાં હજુ સુધી બિલ્ડીંગમાં ગેરકાયદેસર બાંધકામ તેઓએ જે કર્યુ છે તે દુર કરાયું નથી તે કયા કારણસર દુર કર્યુ નથી તે જણાવશો. આ સિવાય અરજદારે ખોટુ કોર્ટ કમિશન કરાવી ગેરકાયદેસર વસવાટ , પોલીસ ફરીયાદ ટોરેન્ટો પાવર પાછો ખેંચી લેવા તથા ડ્રેનેજ લાઈન તથા પાણીની લાઈનો કાપી નથી વિગેરે ફરીયાદને લગતા પ્રશ્નો બાબતે રજૂઆત કરેલ છે. આમ અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૭૧ તા.૨૬–૭–૧૦ થી " અત્રે સેન્ટ્રલઝોન ખાતે સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં વોર્ડ નં.૨ નોંધ નં.૪૪ શેઠના એપાર્ટમેન્ટના કુલ ૩ ફલેટને સેન્ટ્રલઝોન ખાતેથી સીલ મારવામાં આવેલ છે. અત્રેના સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં તેઓ તે ફલેટમાં વસવાટની પરવાનથી મેળવ્યા વિના વસવાટ કરે છે માંગેલ અન્ય વિગતો માહિતી અધિકાર અધિનિયમ અન્વયે ઉપલબ્ધ રેકર્ડ બહારની વિગતો આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૬–૮–૧૦ ના રોજ જવાબ આપ્યો છે તે અસ્પષ્ટ જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં ગેરકાયદસર સીલ તોડયા અંગેની ફરીયાદ, બીયુસી લીધુ નથી જેથી મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુ. એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૮ હેઠળનો હુકમ તા.૨૪–૫–૧૦ નો હોવા છતાં બાકીના બે માળ તથા ગ્રા.ફલોરની દુકાનોને સીલ માર્યુ નથી તેને સીલ મારવા અંગેની અને ગટર લાઈન તથા પાણીની લાઈન કાપી નાંખવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેથી લાગત સક્ષમ સત્તાધિકારીને તકરાર નિવારણની લગતી બાબત હોય તેની યોગ્ય કાર્યવાહી માટે અલાયદો પત્ર અપીલ તબકકે આરટીઆઈ સેલ/૫૯૭ તા.૧૨–૮–૧૦ થી અરજદારની જાણ હેઠળ પાઠવવામાં આવેલ છે. વધુમાં સરખા પત્ર નંબર અને તારીખવાળા અન્ય પત્રથી અરજદારને પણ અપીલ તબકકે તકરાર નિવારણ અંગે સ્પષ્ટતા કરવા તેમજ માહિતી અંગે હોય તો મુળ અરજી પૈકી કઈ માહિતી મળેલ નથી તેની વિગતો જણાવવા પત્ર પાઠવવા અરજદારને જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદારે તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી તથા કઈ માહિતી મળેલ નથી તે અંગેની વિગતો પણ જણાવેલ નથી. આમ અરજદારની સદર અરજી બાબતે માહિતીને લગતી દફતરી વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે. જયારે અરજદારે મુળ અરજીમાં ફરીયાદને લગતા પ્રશ્નો તેમજ અપીલ અરજીમાં પણ ફરીયાદ નિવારણને લગતા પ્રશ્નો અંગે તકરાર જણાય છે. જે અંગે તકરાર નિવારણનો પ્રશ્ન હોઈ લાગત સક્ષમ સત્તાને તે અંગેની રજૂઆત કરવાની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૬–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં તકરાર નિવારણને સ્પર્શતી બાબતો અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર(સ્પે)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી ભરતકુમાર શાંતિલાલ કાપડીયા